ॐ श्री

॥ ॐ [illegible] ॥

॥ શ્રી ॥

कनककान्तानाटकनांगायनो.

રચનાર તથા છપાવી પ્રસિદ્ધ કરનાર,

ભગુભાઇ શંભુનાથ નારેખાન.

આવૃત્તિ પહેલી. પ્રત ૧૦૦૦

અમદાવાદ.

ગુજરાત સ્ટેટ પ્રેસમાં.

સંવત ૧૯૫૫.

કિંમત રૂ. ૦-

॥ ॐ श्रीमत्परमशिवो विजयतेतराम् ॥

કનક-કાન્તા નાટકનો ટુંક સાર (પ્લૉટ).

અંક પહેલો:—ઇશ્વર સ્તુતિ, પ્રધાન તથા કનકસીંહ વચ્ચે વાત ચીત, તેમાં સુવર્ણસીંહે બંનેને ખાનગીમાં બોલાવ્યા છે એમ જાહેર થતું, પ્રધાન ભેદીવાત રાજગાદી સંબંધી કાંઈ હશે એમ કુંવર કનકને જાહેર કરે છે. સુવર્ણસીંહ પાસે બંને જાય છે, સુવર્ણસીંહ પોતે ઇશ્વર ભક્તિમાં આખરના દીવસ ગુજારવા વીચાર બતાવે છે, તથા રાજગાદી કુંવરને સોંપતા પહેલ તેને પરણાવવા વીચાર કરી, કુંવરને જાહેર કરે છે, તથા સુવર્ણસીંહ સારી ઉત્તમ કુળવાન રાજ કન્યાઓનાં નામેં દઇ તેને મરજી મુજબ પરણુવા ઇચ્છા જણાવે છે. તે પોતાને મન પસંદ વીનાની પરણી, ભવ બાળવોનાપસંદ લાગેથી કાંઈ બોલતો નથી. તેની માનું પણ અપમાન કરી ના પાડેછે, જેથી તેનો બાપ તેને એકડંડી મેહેલમાં પુરવા હુકમ કરેછે. પ્રધાનજી આવી સખ્ત સજા થયેથી યોગ્ય ન જાણી એકાગ્રહી મહેલમાં જ રાખવા ઠરાવ કરાવે છે. તે પ્રમાણે તે પોતાના પીતાના હુકમને માથે ચડાવી આધીન થઇ શીક્ષા ભોગવવા તતપર થાય છે. તથા પોતાના કીસમતનોજ વાંક છે, એમ દોષ બીજાને નહીં દેતાં, કુંવર પોતાનેજ દોષ દેછે. તથા એકાગ્રહી મહેલમાં જાયછે. ત્યાં એક અપસરાએ વાસ કર્યોછે, તે આ કુંવરને નિર્ભયપણે સુતેલો જોઇ પ્રસન્ન થઈ તેને આશીર્વાદ આપે છે કે તેના જેવીજ કાન્તીવાન કોઇ કાન્તા તેને વરશે—અને તેને પોતાની કચેરીમાં જવાનો વખત થવાથી તે જાયછે. એક ડુંગરની ટેકરી પર વાવંટાળના તોફાનમાંથી એક મહાન્ રાક્ષસ પેદા થાય છે તેને નવા જુનીની હકીકત પુછતાં દુનીયામાં નવાઇની ચીજમાં માત્ર તેણે એક શ્રેષ્ઠ કાંન્તીવાન સ્ત્રી જોઇ છે, તે શીવાય બીજું કાંઇ કેહેતો નથી. જે પરથી કનકની અને કાન્તાની

કાન્તી વીશે સરખામણી થતાં નિરાકરણ નથી આવતું તથા અરસપરસ કનક કાન્તાની વીંટીઓ બદલાય છે. પછી કાંન્તાને રાક્ષસ તેને મેહલે મુકી આવે છે કુંવર સવારમાં ઉઠીને ગાંડાંઘેલાં કાડે છે. તથા પ્રેમઘેલો થઇ જાય છે તથા સીપાઇઓને પોતે રાત્રે જોયેલી સ્ત્રીને બતાવવા જીદ્દ કરેછે, તમાચો મારે છે. અને જેથી સુવર્ણસીંહને ખબર પડેછે; તેની કલ્પીત સ્ત્રીને ક્યાંથી મંગાવવી તે વીશે દીલગીરી બતાવે છે, તથા દાકટરની સલાહ પ્રમાણે તેને દરીયા કીનારા પરના આનંદી મહેલમાં રાખે છે. કાંન્તા પણ સવારમાં ઉઠીને ગાંડાંઘેલાં કાડે છે, કાન્તાને કદી પણ કોઇને ન વરવું તેવીજ પ્રતીજ્ઞા હતી, તે હવે દૂર થઈ, રાત્રે દેખેલા પુરૂષને વરવા ઇચ્છા કરે છે. દાસીઓ ધીરે ધીરે આ હકીકત સમજે છે તથા તેના બાપને જાહેર કરે છે કે કાન્તા બાના શુધ્ધ વિચારોમાં કાંઈ ફેર પડયો લાગે છે! ત્યારબાદ કાંન્તા વીચારમાં ને વીચારમાં બગીચામાં એકાન્ત જાણી જરા એક બાંકડા પર નીંદ્રાવશ જેવી થઇ આરામલેછે તેવામાં ચતુર સખી વેલી તેની ફસોટી કાડવા એક દુહો બોલેછે તે દુહો અધૂરો રાખેછે, જેથી કાન્તા એકદમ ઝબકી પોતાના મનોવીકારને અનુસરી પૂરો કરેછે. જેથી તે પકડાઇ ગઇ, એમ પછીથી સમજે છે. દાસી લીલી માલીનીને ચાડી ખાય છે કે બહેન કાન્તાબા તથા સખીઓ વચ્ચે કાંઈ છાની છાની વાતો થાય છે. એમ ગમ્મતમાં કહી જાય છે. માલીની વીચાર કરે છે કે, દાસીઓ હમેશાં કાંઇ ગુપચુપ વાતો બ્હેનની રોજ કરે છે, પણ મને કાંઇ કહેવાની હીંમત ચાલતી નથી, અને આ છોકરીએ એક રમતમાંજ મને કહી દીધું તો મારે હવે એની તપાસ કરવી પડશે, એમ વીચાર કરે છે. માલીની કાંન્તાની હજુરમાં જઇ ખાત્રી કરે છે કે તે પ્રેમઘેલી થઇ છે ખરી. કાન્તાના બાપના દરબારમાં લીલી પાછી ચાડી કરે છે, જે પરથી રાજા પોતાની વીશ્વાસુ ચાકરડી માલીનીને બોલાવે છે, ને પુછેછે તે પરથી માલીની કહે છે કે બ-

હેન કોઇ દુનીયાદારીના મોહમાં જરા પડયાં હોય એમ લાગે છે ખ-રું. એમ કહેછે, કાન્તાના બાપને વેહેમ પડયો કે વખતે કોઇ પર પુરૂષ તેના મહેલમાં આવ્યો હશે કે કેમ? તે પરથી તેને માણેક મહેલમાં કેદ રાખવા હુકમ કરે છે! વીશ્વાસુ દાસી માલીનીને સાથે મોકલેછે. તથા તે પ્રતીજ્ઞા લે છે કે પરણું તો મારા મનમાં વસેલાનેજ પરણુ. માલીનીનો છોકરો માધવ તેને રાજાએ દેશપરદેશ અનુભવ લેવા તથા વિદ્યાભ્યાસ કરવા મોકલ્યો હતો તે પાછો આવેછે. અને થોડા દીવસ પછી માલીની માધવને મળવા આવેછે ત્યાં બ્હેન કાન્તાને પગે બેડીયો પડી કેદ ભોગવતી સાંભળી તેને રોમેરોમ ઝાળ લાગેછે, ન્હાનપણથીજ બનેને સારો બનાવ હતો, તેપરથી માધવતેજ વખતે પ્રતીજ્ઞા લેછે કે આ ઘરમાં ક્યારે આવું કે જ્યારે તે પુરૂષને શોધી લાવું ત્યારેજ. તેમ કહી જાય છે. ફરતાં ફરતાં એક ગામની ધર્મશાળામાં આવે છે ત્યાં તેને ખબર પડે છે કે તેની કાન્તા બ્હેનના જેવોજ કેસ અમુક ગામમાં એક રાજકુંવરનો છે. તેપરથી ત્યાં જઇ તપાસ કરી તે રાજા (સુવર્ણસીંહ)ને ત્યાં નોકર રહી કનકનો મેળાપ કરી, વાકેફ થઇ, ખાતરી કરી વીંટી પણ બતાવી, કુંવરને સાથે શીકારને બહાને લઇ જાય છે.

અંક બીજો.

અંક બીજો:—માલીની એ માધવને આપેલી મુદત વીતી ગયાથી પ્રાણઘાત કરવા તૈયાર થાય છે, એવામાં માધવ જાય છે સત્યને સહાય ઇશ્વર જરૂર હોય છે. એમ જાણી ખુશી થાયછે; માધવ પોતાની હકીકત કહે છે નેતે પુરૂષને લાવ્યોછું, તેમ કહે છે. કાન્તાનો બાપ ચદ્રસીંહ અને કનકનો મેળાપ થાય છે. તથા તે પુરૂષ, વૈદ તથા જોશી છે એમ જાણી તથા માધવનો વિશ્વાસુ છે, એમ જાણી તેને કાન્તાનું વૈદું કરવા મોકલે છે. તથા વિશ્વાસપાત્ર માધવને સાથે મોકલી માલીનીને હાજર રાખવા કહે છે. કાન્તાના મહેલમાં ગયા પછી માધવ પાછો જાય છે. માલીની કાંન્તાને તેના બાપે કોઇ હુશીઆર

વૈદને મોકલ્યા છે તેવી વરધી આપે છે, કાંન્તાનો વૈદ કોઇ જુદોજ છે, તથા હરકોઇ વૈદથી કાંઇજ નહી બની શકે એમ માલીનીને કહી, પર પુરૂષનું મોંપણ તેને જોવું નથી તેમ જવાબ આપી, તે વૈદને પાછો મોકલવા કહે છે, તથા ઘેનમાં ચડી ગઇ હોય એમ બની જાય છે. તે પરથી વૈદરાજ કનકસીંહ આ સાંભળી તેની ટેકી તથા નેકીપર બહુજ ખુશી થાય છે. તથા પોતાને મેળાપ નહીંજ થાયને તે બીચારી તેની ખાતરજ જીવ ખોશે તેમ જાણી, પોતે પણ પ્રાણુ-ઘાત કરવા તૈયારી કરે છે; તેવામાં પ્રથમ અંકમાં શરૂઆતમાં આવેલી અપ્સરા આવી તેને એક દુહો બોલવા સુચના આપે છે ને તેથી તેનો મેળાપ થશે, તેવું વચન આપીને જાય છે; તે પ્રમાણે કનક દુહો કહે છે, તે વખત કાંન્તા વિસ્મય થાય છે. તથા વાતચીત-માં પોતાનો ધારેલો વર તે એજ છે, એમ વીંટી વીગેરે નીશાનીઓથી ખાત્રી કરી વરે છે. તથા તે વખતે ચંદ્રસિંહ પોતે જાતે આવી હસ્ત મેળાપ કરાવી આપે છે, શયનગ્રહમાં કનકને સ્વપ્નું આવતાં સુવર્ણસીંહ મરણ પથારીએ છે, ને તેને યાદ કરી બહુજ દુભાયછે તેમ કાંન્તાને કહે છે. જે પરથી કાંન્તા ચંદ્રસિંહને કહી તેને સાસરે વળાવવા કહે છે; કાંન્તાની માએ કાંન્તાને એક જંત્ર આપી તેની ખીસીમાં નાંખે છે, તે એવું કહીને કે દુઃખના વખતે આ જંત્ર ઉઘાડીને જોજે એટલે તુ કોઈ પણ દુખથી મુક્ત થઇશ. જાય છે. રસ્તામાં છાવણી નાંખે છે, ત્યાં કાંન્તા જરા નીદ્રાવશ થતાં, કનક કાંન્તાની કમરેથી તેને હરકત પડતી હશે તેમ જાણી, કમરપટો છોડી, તેમાંથી એક પાકીટ કાઢી, બહાર આવી જુએછે તો એક કાગળનું આટલું બધું જતન કરેલું જોઇ, આશ્ચર્ય પામે છે, તથા અંધારૂં થયેથી એક ઝાડના હેઠળ આગળ જઇ તેને ઉઘાડી જુએ છે, તેવામાં એક પક્ષી આવી ઝાડપરથી ઉડી ચાંચમાં ઘાલી, તેને લઇ જાય છે. કનકસીંહ પાછળ દોડતાં બહુજ દુર નીકળી પડે છે, તથા વિખુટો

થાય છે. કાન્તા જાગૃત થતાં કનકને ન જોવાથી શોધ કરાવી તે નથી જ એમ ખાતરી થવાથી શોક કરે છે, ને અબળા વન વગડામાં એકલી છું તેનું શું થશે, એમ વિચાર કરે છે. પછી માલીની તેને હીંમત આપે છે. પછી કાન્તા પોતાના પતીના વેશમાંજ રહી નવા બંદર જવા વીચાર કરે છે, કારણ ત્યાંથી કનકપુરી જવાનો રસ્તો હતો. તે પ્રમાણે જાયછે. તેવામાં વીરસીંહ કુંવર કાન્તાનો આશક હતો, તે પોતાના બાપને શીકારનું બ્હાનું કાડી, તેની શોધમાં, હરરોજ નીકળતો, તે આ સ્ત્રીને તંબુમાં જોઇ, કાંન્તી જોઇ. વિસ્મય થાય છે; તથા બળાત્કાર કરવા વીચાર કરે છે, જે પરથી માલીનીની સુચના મુજબ સ્ત્રી ચરીત્ર કરી, કાન્તા વીરસીંહને મારી નાંખે છે. પછી કાંન્તા તથા માલીની નવાબંદર તરફ જવા નીકળે છે, હવે કનકસિંહ વધતો વધતો જ્યારે એક સાંજના વખતે એક બાગમાં ઝાડપર તે પક્ષી બેઠું, ત્યારે તે બાગમાં જવા વીચાર કરે છે, તેવામાં તેનો માળી બહાર ઝાંપે આવે છે. આ મુલક મુસલમાન લોકોનો હતો. અને કોઇપણ હીંદુને તેઓ રીબાવી રીબાવીને મારી નાંખતા હતા, તે પરથી પેલો બુઢ્ઢો માળી દયા લાવી નિર્દોષને બચાવવો એમ સમજી તેને પોતાના બાગમાં લઇ ગયો. તથા કામે વળગાડયો. નવાબંદરના રાજા ઉમેદસીંહને પોતાની કુંવરી ભાન, કનકસિંહને પરણાવવા તથા કુંવરીને કનકનેજ પરણવા બહુજ મરજી હતી તથા નાળીએર પણ મોકલ્યું હતું, તે પાછું આવ્યું હતુ અને આ કનકસિંહ જાતે આવ્યા જાણી પોતાની કુંવરી ભાનબાનું તેની સાથે લગ્ન કર્યું, કાન્તા ચાલાકીથી પોતાની બાંધી મુઠી રાખી શકેછે, પછી તેને ઉમેદસીંહ રાજગાદી સોંપેછે. કનકસીંહને એક ઝાડ હેઠળ ખોદતાં દોલત નીકળેછે તે સત્યતાની ખાતર મલેક માળીને બતાવેછે. અડધો અડધ વેંચી લે છે. મલેક મરી જવાથી તે કનકપુર જવા વીચાર કરેછે, તેવામાં ઝાડપરથી બે પક્ષી લડતાં લડતાં હેઠે પડે છે; તેમાં એક, બીજાને

મારી નાંખે છે, તે ખેલ આ કનકસિંહ જુએ છે, ત્યાં તે મરી ગયું કે જીવે છે એમ જાણી જોવા જાય છે, તો જંત્ર દેખેછે, વીસ્મય થઇ લઇ લે છે. તથા ઉપડી જવા વીચાર કરે છે. આવતી આગબોટની ટીકીટ ડેકની લઇ આવે છે, તથા પોતાનો સામાન વીગેરે મોકલાવેછે તેમાં સોનાની અડાળીઓમાં ઉપરથી મેવો ભરે છે, અને એકમાં આજંત્ર મુકેછે, ને પોતાનાથી નહી જવાયાથી સરસામાન એકલો લઇ આગબોટ ઉપડી જાય છે, રસ્તામાં આડો પવન લાગવાથી આગબોટ નવાબંદર લાંગરે છે ત્યાં કાંન્તાએ પોલીસને દરેક આગબોટો નો સર સામાન, પેસેનજર નાં નામ, કયાંથી આવે છે, ને કયાં જાય છે; વીગેરે સઘળી હકીકત જાહેર કરવા વરધી આપેથી આપણુ આગબોટની વરધી પોંચે છે. તે પરથી મેવાની અડાળીયો મંગાવે છે, તપાસતાં અંદરથી સોનું તથા જંત્ર નીકળે છે. તે પરથી કેપટનને બોલાવી ધમકી આપીને ચોરીનો માલ છે એમ ગુન્હેગાર કરી તેના માલેકને લાવવા હુકમ કરે છે તથા ઇનામ કાઢે છે.

અંક ત્રીજો:—કનકને લઇ કેપટન નવાબંદરે આવે છે, ત્યાં માલીની (પ્રધાનજી) કીનારે જઇ તેજ કનક છે, તેમ ખાત્રી કરી આવે છે. દરબારમાં બોલાવી કાન્તાની ખાતરી સારૂ કેસ ચલાવી ખાત્રી કરેછે કે તેજ કનકછે. ભેટે છે, મેળાપકરેછે, તથા માલીની તથા કાન્તા સ્ત્રીના પોશાકમાં થાય છે, ઉમેદસિંહ પોતાનો જમાઇ જાતે અમુક કેસ ચલાવવાનો છે એમ જાણી કેસ જોવા આવે છે, તો જડજ તથા સીરસ્તેદાર બંનેને સ્ત્રીના પોશાકમાં જોઇ જડ જેવો થઇ જાય છે. ત્યાં ખરી હકીકત ખબર પડે છે. કાંન્તાની ચાલાકી તથા શીયળ સાચવણી જોઇ બધાં વિસ્મય થાય છે, ને ભાન ને, કાંન્તા શોકનું સાલ ન ગણતાં કનકસિંહને વરાવી પોતાની બહેન તરીકે સ્વીકારે છે, સુવર્ણસિંહને પણ આમંત્રણ મોકલી બોલાવે છે. સર્વેનો મેળાપ થાય છે.

(१)

નમો શ્રી ઑમ શીવ સુતને, નમોશ્રી ઑમ ગણુપતી દેવને;
સતીઓની નેક ટેક રખાવશો દ્રઢ એહ,
તન મન અરપે જેહ દેશો નહીં તેને છેહ. નમો શ્રી૦
ગુલાબનું વૃક્ષ જેહ, રાનબાગ વીશે એહ;
ઉગે પણ પુષ્પ તેહ અવર નહીં આવે ટેક. નમો શ્રી૦
અકળગતી છે જેની પૂર્ણ બ્રહ્મ અવીનાશી,
સહાય થજો ત્રીપુરારી વીનતી સુણી અમારી. નમો શ્રી૦
શંભુ સૂત કરજોડી વીનવે છે સ્નેહ ધરી,
શુદ્ધ બુદ્ધી ઘો મોરારી અંતરયામી અવીચળ જામી. નમો શ્રી૦
ઉચ્ચ કુટુંબ કેરી એક કુંવરી, ચંદ્રસિંહ તણી ટેકીલી કુમારી,
ન્તા નામ દીપાવે કેવી, સંકટ શીરપર પડતાં ભારી, છતાં કૂળ દી-
પાવે કેવી, અનેક લાલચોથી નહીં ભમતી, ચલતી, ડગતી, ફરતી
નીતી પ્રીતી રીતી વાહ શી કીર્તી અખંડ છવાઇ; નમો શ્રી૦

(२)

હરી નામ તણું રે ઠામ કરવા અરે ખાલી નવ રાખ્યું કોઇ સ્થળ તે
મનવા. હરી નામ૦
વૃદ્ધાવસ્થા હવે સુધરવા મમ ઇચ્છા પ્રભુ પાર થવા,
મતી શુભ કરવા હે શુભ દાતા ત્રીગુણાત્મક ભક્તી ઘો દવા. હરી૦
પ્રભુ પીડતા ગ્રહના દુખના જ્ઞાતા (२)
મતી અતી દઇ સુખદાયક, મન દ્રઢ કરો રટવા. હરી૦

(३)

બાપુ વીચાર (२) આ ઉત્તમ તમ તણો રે, ખરે તમ તણો રે;[४] બાપુ૦
પ્રધાન સલાહે ચાલી દુસ્મનોને હાંકી કાડી,
નામ નીતી કેરી રીતી પૂરણ પ્રકાશું, જાણે તાંદ્રબ્ય. (२)
એ પૂર્ણીમાનો ચંદ્રજ રે, ખરે ચંદ્રજ રે, ખરેચંદ્રરે, [४] બાપુ૦

(૪)

બાપુ મમ લગ્ન કરવા વીચાર, હાલ એ મુલતવી રાખો રે,
આ શું નાંખોછો એથી દુઃખમોઝાર, પરણાવી શીદ ભવ બાળોરે.
બાપુ વીરૂદ્ધ છું એથી અથાગ, દુખ પારાવાર જેથી જણાય,
વગર મને નારી જો પરણાય, તો તો ભવસાગર નાવ ડુબાય;
મળયા મન વગર પરણવી નાર જીવન કેદ શીદ કરોરે,
થઈ પડશે આગળ એ વીચાર પરણાવી શીદ ભવ બાળોરે
દુખી જોડાં જગમાં જે જે આવાં થાય, તેનો દાવાનળ કદી ન ઓલાય,
ઉચાં મન તણો અગ્ની પેદા થાય, શાન્તીગૃહ નરનુ નારી જે ગણાય.
તે તો બળી જળી રાન પેદા થાય, બાપુ દ્રષ્ટીએ દીર્ઘ કરોરે.
નવ કલ્પાવો જેથીરે લગાર, પરણાવી શીદ ભવ બાળોરે,

(૫)

ગાદી કુંવરને જો અપાશે તો હાય શુંય થશે, કાંઈ (૨)
સતા મથેથી નક્કી સ્વછંદી હાય એજ થશે, કાંઈ ગાદી;
શું કરવું, કેમ ઠરવું, એની માનું પણ કહ્યું એણે, નવ ધરીયું, [૨]કાંઈ.
શીક્ષાને પાત્ર એને કરવો, ડંડી મેહેલમાં એને પૂરવો
પ્રધાન અરે હુકમ ખરે બજાવો હવે નવ કરો, વાર તમે [૨] કાંઈ,

(૬)

વીચારો, ખરી લહો વાત દીલમાંહી, અપરાધ કર્યો શું મેં આંહી
શું આવી, મમખામી આવી તે શું ભારી, બાપુ ક્ષમા દીયો મુને તેની
શું કાંઈ, દીલમાંહી કુવીચારો ભાખી, મમ દશા કરો શું અકારી,
મમ સ્વાર્થવીણ અર્થ બગાડો છો શાથી જન્મારો લેવો છે જેનાથી.
સંગાથી, વળી સાથી ખરા દુખ સુખની તે કેમ અહુવીણ મરજી;
સાગરરૂપ સંસાર જે પતિન નાવે તરાય
તે મન ગમતુ ના મળે, જરૂર જરૂર ડુબાય, વાત
કહું સાચી, નથી અઘટીત આમાં કાંઈ.

(૭)

સ્હાય થજો હે ત્રીપુરારી ઇષ છો પરીબ્રહ્મ તમે જગદીશ (૨)
અસાર સાગર, તમ કૃપાએ, તરી ઉતરીએ પાર, ભવાબ્ધિથી હે દેવા,
શાન્તી પામી ભ્રાન્તી વામી સત્ય જામી નવ રહે ખામી;
પ્રણમી સ્તવન કરીયે ખચીત. છો પરીબ્રહ્મ૦

(૮)

દુષ્ટ પીશાચ્ય શું મસ્ત થઇ કરે મારુ અપમાન,
ગર્વ રહયો નથી કોઇનો સમજ હે મૂર્ખ હેવાન;
નવ સમજીશ તું મુજને આ ભૂપરની અબળા,
ઢોંગ તારો તુ દૂર કરી મૂર્ખ તુ જાહેર થા.
રે હેવાન શેતાન ગુલતાન શું બની રહયો બે ઇમાન,
જાહેર કરૂં છું તુજને છું ઇંદ્ર તણી પરેસ્તાન;
હાજર ! હાજર ! હાજર ! છું પરી હુકમ કરો હાજર,
પરી છું ગુન્હેગાર ખરે કરો હુકમ તત્પર;

(૯)

અલ્યા શપાયડા મારે છે મને કયમ, [૨]
ચૂપ ચૂપ ચૂપ તુમ, ઊંહ ઊંહ ઊંહ કયમ. અલ્યા૦
ચૌકી પર લેજાકે અબડુમ દીખાઉં મેરા ડગલેકા દમ;
(હજી વળી બાકી રહયો બનાવજે જમ)
મારે શું પાણી પીશે છે તલ જયમ. અલ્યા૦
શપઈ શાબ ગુન્હામાં નથી દમ,
(ઓય ઓય મારનારો મરી જજો જમ. અલ્યા૦

[૧૦]

આશું મેહેલ દેખું ઘોર વન દેખું જાને કનક દેખું અવર દેહ દેખું;
ચક્ષુ બદલાયાં દેખું૦
જીવન ભાન ભુલાવ્યું તેં જ્ઞાન ગુમાવ્યું તેં શુદ્ધ વીસરાવી તેં મન

(૧૦)

મનાવ્યું મનહર, તેં ચિત્ત ચોર્યું ચિત્તહર, ખરેખર,
પ્યા——રી,——ઠગા——રી, ધૂતા——રી, મન——હારી;
અરે પ્રીયે લટકા કરે લટકાળી, કુંવર વાહ વાહ વાહ;
પ્રીયે કેવો મટકા કરે મટકાળી, ઘેલાઇ શી વાહ વાહ,

(૧૧)

અજબ ગજબ મનહર કોણ થયું મારૂં, દુખીઆરૂં ચીત્ત મારૂં;
મમ ચક્ર ફેરવનારૂં;
ભ્રમર શું ભોગી વીલાસી હુલ્લાસી શું આવી ચિત્ત ડગાવ્યું મારૂં,
ઝવેરીએ નંગ પરખી પાછું શું તરછોડી દીધું. અજબ૦
પ્રતિજ્ઞા દઢ પરણુવાની વીરૂદ્ધ જે મારી હતી, તેને શું કંપાવી, મન
ભાવી, ચિત્ત ચોરી, દુખીઆરી કરી આવી,
દરદ આ કોને જઇને મારેરે કહેવું, પરખીને હાસલ શું તને એથી
હશે મળ્યું, કસોટીએ લીધા વીણ નવ પરીક્ષા ગણું; અજબ૦

(૧૨)

મારો મોહનલાલ છબીલો, મારો કાંમણગારો કંથલીયો;
રસીયો ક્યાં ગયો રે. (૫)
પ્રેમ કટારીએ કાળજું વીંધી, અચળ ધ્રુવ મમ ચિત્ત ડગાવી,
અરે વ્હાલા જીવન શું, આમ છેડી ગયોરે. (૫) મારો... ..
ક્યાં જઈ શોધું તુજને પ્રીતમ, વાસ કર્યો મમ હૃદયે તેં કયમ;
ઠગાઇ કરી શું નાશી ગયો. વાહ શોભતુંરે. (૫) મારો......

(૧૩)

ભ્રમર શું! ગુંજાર શું! કરે શું! આ વાર શું,! દેખું છું અરે સખી આ શું;?
પીડા શું? મને શું? થઇ શું? દુખ વાપ્યું,? જાણે કાળજડે તીર મમ વાગ્યું
ભ્રમર શું!......
સખી સખી આ શું! આનું નામ છે શું;?

(૧૨)

કહીશું તો શરમાશો લજવાશો ભરમાશો ગુંચવાશો સપડાશો ગોથાં ખાશો. ભ્રમર......

* * * * * * * *

છણકો કરતી છબીલી રસીલી મન મેલી કહો બેલી,
જોબન રંગમાં ઝુલો છો ફુલો છો નવ લજવાઓ બેની;
છટ છટ, વાહ ! વાહ ! છટ છટ, છટ છટ સખી રાખો થયું બસ.
બહેન રાખો ત્યારે મન જરા વશ, યેહ યેહ ! ચતુરાઈ છે આ શું ?
ભ્રમર શું?......

(૧૪)

યૌવનમદ બ્હેકી રહ્યો છે બેની કેવો,
ઝોલાં ખવરાવે છે બ્હેની એ રસીલો;
નવ છોડયો એ છુટે છબેલો, રંગીલો હઠીલો જબીલો. યૌવન.
શરમાઉછું, લજવાઉછું, કહેતાં મુજ જીભ અચકાઉછું,
(અચકાઓ નહીં લજવાઓ નહીં તમે ચડયાં છો હવે ચકડોળે.)
(ચકડોળ ફેરવાઓ કોણ અહીં કહો ગુહ્ય ભેદ શું હોયે,)
પ્રીતમ રાતે, જોયો જાતે, નકી એ વાતે, કહું હું સાચે, સખી બતાવતું મને એ કયાં છે ?

* * * * * * * *

વાહ વાહરે લટકાળી બેલી વાતો બનાવે ઘેલી પ્રીતમ પ્રીતમ તું ઘેલી રટ એક અલબેલી, ધમકાવે શું રસીલી જોબનમાં તું ઝુકેલી પ્રેમ ઘેલી સખી વેલી, હાંહાંહાંહાંહાંહાં; યૌવન.

(૧૫)

કેવી મઝા કહેવાય! કેવી ગમ્મત કહેવાય,! આહાંહાહાહાહાહા ઓ માડીરે;!
ઓરે વાહ વાહરે તારી રમ્મત ! આહાહા.
કેવી કેવારે તારી ગમ્મત ! અરે વાહરે બ્હેનબા વાહ વાહ વાહ

(૧૨)

શ્યામ તણી પાસે બાંધીજકડી, વળી પ્રીતમના મારે મારી લકડી;
હો (૬) હાહા; કેવી.

* * * * * * * *

આજ બાપુને કહું છું આ મઝા ! હા ! હા !
પછી ચડાવું છું એ બેનડીની ધજા ! હં ! હં !
કાન્તા બાને, પ્રેમે પકડી, પ્રીતીએ વીંધી, સ્નેહ જકડી, જમીન સરસી,
પડીછે પ્યારથી; હા (૧) હો હો; કેવી......

(૧૬)

બેની મારી સુખીઆરી દુખીઆરી ભલી, ભુંડી થાય, શું, શું.
સુરખાઇ દાખવે આમ શું ડગી ડગી અતો બલી જા શું, આમ
કલ્પાંત કરે શું, રસીલો તું શું? છબીલી તું શું ! રંગીલી તું શું ! ખીલેલી
તું શું ! માનેલી તું શું ! મસ્ત બની સખીરી સુરખ કરે આ શું;
હારી ગઇરે આમ શું, સખી મીઠવા સ્નેહ ઝંખા ઝંખાથી તું આમ શું;
બેની મારી.........

(૧૭)

તનનનનનનન દીમ દીમ તોમ તોમ, દીમ (૪) તનનનનનનન
તરકીટ તરકીટ ધા, તરકીટ તરકીટ ધા, તરકીટ તરકીટ ધા, તન...
તરકીટ ધીના તુમ કીટીતના ધાધાધા; ધાધાધા, ધાધાધા, ધાધાધા;
નીહારો પ્રીતમ કેસેર મેરો, હો જોબનના (૪)
મેં હું બાલકી છોટી બાછરવા જયાંવા સતાવો કાના કૈસોયે મનવા
લગની લગાવો પ્યારે કૈસો ઉચરવા; સાસ દેગી ધરગારી; નીહારો.
અબલા મેં હું લાજકો સારો, જૈયાં મોરીના મરોરોરે;
બાલવ પ્યારે અગ મુકો હમારો, ચીર બીગાડોગે સારો; નીહારો.

(૧૮)

પીયુ પીયુ પપૈયા, અરે પોકારૂં છું એક સ્વરે,
કઠોર શું નવ દયા, કંઇ ભાગ દાસ ધરે;

(૧૩)

નીર્દય—આમ—થયો—દીલચોર તુ ખરે,
જોબનડું—વ્હાલા—વીના—બળી જાજે અરે,
આખર તુ—પ્રભુ તુ—વિભુ તુ—રહાયે મને થજે.

(૧૯)

આગ્ના માજી આશીર્વાદ દઇને આપો ખંતે સ્નેહ ધરીને દેશો દેશ
ફરી શોધીને. લાવું એની ભાળ (૧)
ખરો પુત્ર તમારો ક્યારે? પકડી લાવું હું જ્યારે
અન્ન જેનું આપણે ખાધું તેની કચાશ કાંઇ ન રાખું સેવક ધર્મ
ખરો હું બજાવું. દુખ, ખરી હું તમ દીપાવું (૩)
આવો લાગ ફરી નહીં આવે મમ જીવ ચડયો ચકડોળે
મુજને કાન્તા બ્હેન છે વ્હાલી ન્હાનપણની હેત સગાઇ તેને કેમ
જોઉ દુખમાંહી, નહી નહીં લાવું એને શોધી (૪)
બ્હેન તુજ માટે જીવ આપું ખરૂ દાસત્વ હવે હુ દીપાવું
દીલગીરી નવ કરશો માજી આપો રજા થઈ તમે રાજી ખરો લહો તેનો
મને જોશી, સાચું કહુંછું આપને યાચી (૩)
કરશે રક્ષા પ્રભુ સાચી છે હરામ હવે આ ભૂમી.

(૨૦)

વિદેશ સીધાવેછે મારા પુત્ર તું અરે. વ્હાલા એકલડી મુકી આમ,
નમાયો થઇ ખપજેરે રહેજે આંખલડીમાં અંજાઇ
મારા કોડીલા વ્હાલારે તન.
ટંટો કદી નવ કરજેરે વર્તજે હળીમળી સર્વેની સંગ
ગર્ભ જેમ રહે માતુ અંગ રહાય ભવાની કરશેરે નીતી
રાખશો વહાલા તન, વ્હાલા વાસો નવ કરશો અઘોર વન;
ફતેહ તું મેળવીનેરે વળજે પાછેરો સંભારી તુજ મન
દુખી માતુ નવ ખાશેરે અન્ન, વર્ષ પાંચ મુદત આપુછુંરે;
જો નહી આવેરે આ ભુવન કરીશ દેહ મારો હું પતન;

હે વિશ્વ દેવ પ્રભુ ધરજોરે વાનતી અબળાનીરે તનમન
દેવી કરજોરે એનું જતન, ભલે બાઈ સીધાવેરે
દઉછું આશીર્વાદ વચન, કરજો અંતરયામી ભજન.

(૨૧)

બાઇ લૂણ્ણ દીપાવવા કાજ, (૨) સીધાવેછે વીરેશે હવે તું સત્ય કાજ.
મહા કષ્ટો વેઠીને ભઈ રાજ,(૨) સાચો સેવક ધર્મ બજાવેછે આજ,
ખરી કુળ જોત પ્રદીપ્ત કરેછે આ વાર;
ફત્તેહ તુ મેળવીને અમ પાસ, (૨) વેહેલેરા વળજેરે પ્રીય મમ ભ્રાત;
ટાલી ઘેલી કાડીશ કયાં હવે હું ગમ વાત.
કીર્તિ ચંદ્ર પૂનમનો પ્રકાશ, (૨) નાંખે ભૂપ મન અંધારી જે રાત,
જેથી શીયળ કુમુદ કાંન્તા બાનું ખીલે ભલી ભાત;
નીતી સાચવી રહેજે તુ પ્રીયે ભ્રાત (૨) કુવારીકા બ્હેનનો આશીર્વાદ,
વળીશ કીર્તિ ઠીલ્લો સર કરી જય જય ભ્રાત.
પણ અરે દૈવ શું બાઇ વિખુટા થાય (૨) કોયા ભવના પાપે વૈરી
આજ, આશા સ્તંભ મમ બંધુનો ખશી જશે શું હાય.

[૨૨]

હરીનું ભજન કર ભાવેરે હો મનવા તું તો હરીનું ભજન કર ભાવે
રે, હો મનવા તું તો;
રાખો સાચી સંતો હરીથી સગાઈ, નવ ઈંદ્ર વારણું જાશેરે લોભણા
રે હો મનવા તું તો હરીનું ભજન કર ભાવેરે હો મનવા તું તો૦
આરે કાયા છે મનવા કાચ કેરો કુંપોરે, ફુટી જતાં વાર કાંઇ નવ
લાગેરે. હો મનવા તું તો૦
પ્રભુ નામ પુંજી સમજો હરી નામ માયા બાઇઓ, મોક્ષશોખ એ
ભક્તી સમજે તરશોરે, હો મનવા૦
રંક બને છે રાજન એક પળમાં મનવા, રાજા બને છે ઘડીમાં રૈ-
યતરે. હો મનવા૦

ભાઇ માવીતર ભાંડુ સાથે નવ આવેરે, આવે ખરૂં એક હરીનું નામ
જગ જપજેરે. હો મનવા૦

(૨૩)

સુવર્ણસિંહ સુવર્ણ રૂપ શું વર્ણન કરીયે સખી, (૨) રેરેગ, ગગમ,
મમપ, પપધ, ધધની, નીનીસા, નીધપમગરે રે; સુવર્ણસિંહ.
રહો પ્રતાપી સૂર્યવંશી મ્લેચ્છને, નમ્યા ન કદી (૩) સુવર્ણસિંહ.
તકથક તકથક કરો સખી તનમન, ધા કીટ કીડાંનધે(૩) સુવર્ણસિંહ.
પ્રતાપી જામો અતી, રાજનીતી, રાજનીતી,
અવીચળ અવીચળ પમગરે મગરે મગરેરે; સુવર્ણસિંહ.

(૨૪)

રાજન કહું છું કરીને પ્રણામ વીનંતી મમ ઉર ધરજોરે સુજાણ,
ઘણાં વળી આપ સુણીને વખાણ આવ્યો છું હું ખંતે અહીઆપધામ.
રજપૂત કેરો તન હું છું રે સુણી તમ કીર્તિ અથાગ,
નોકરીની મરજી મુજ છે રે, યાચું છું ધરી મન હામ; (૩) આવ્યો.
મંતર તંતર જાદુ તણીરે વીધામાં ધરાવું છું નામ;
અનેક વ્યાધીનો વૈદ કહાઉંરે, વીશેશ છે મારૂં એ કામ. (૩) આવ્યો.
મીથ્યા વ્હેમીજાળ રાજા સપડાવે છે ઠામ ઠામ,
રોગનું ઔષધ મળે છે નિશ્ચય, વ્હેમ દવા નવ થાય; (૩) આવ્યો.
હુકમ ફરમાવશો સેવકને કહું કરજોડી પ્રણામ;
ખરી ખપનો હું થઇશ વળી, અણીની વખતે હું આમ. (૩) આ૦

(૨૫)

એમાંતે શો છે ભાર (૨) વાર સાર નથી વીલંબ કરેથી પાર કરૂં
મમકાજ, એમાંતે—
સ્વાર ચડાવું મંત્ર જેથી લાવે કરી ગુનેગાર; એમાં તે.
સરદાર—આણીવાર, કુંવરજીને મુક્ત કરી આવાર, સાફલ્ય કાજ,
કરૂં આજ, હું શીરતાજ, દુઃખનું આજ; લાવું પાર, સફળ કાજ તે,
કરી આવાર; એમાં

મેળાપ કરાવશો ભાઈનો જેથી મંત્ર કે તંત્ર અપાય, એમાં તે.

[૨૬]

અકળ ગતી છે પ્રભુ તારી, કળી શકે મતી શું આ મારી; અકળ.
કહીંનું કહી લાકડે વળગાડયું તેં, આ માંકડું કેવું; અકળ.
તારી દ્રષ્ટી આગળ જાનુ છું હું અંધજ, પામર પ્રાણી છું માત્ર; કળી,
શી યુક્તિ કરીને આ કુંવરને લેવા, હા હા શીકાર રમવાને કાજ—ખરે-
બાપુ એમ ઠગાઇ, કરશે રજા નત્ર કરી વાર, કળીશકે.
ચાલ ઝડપથી પડાવું કુંવરને, શીકાર રમવાને કાજ—બાપુ પાસે ન-
મન કરીને લે જો રજા સુકુમાર; કળી શકે.

(અંક બીજો.)

[૨૭]

બાપુ આવ્યોછું [૩] લાવ્યો છું ખબર અહીં રાજબાગ કને એક
વૈદરે કોઇ; બાપુ.
આશ્ચર્ય ઉપજાવે એવોરે જોઇ, મંતર જંતરને વળી તંતર તહીં,
બાપુ નવાઇ લાગે એમાં સંદેહ નહી; રાજબાગ,
ઉમેદ રાખે છે આપ સલામે અહી, હુકમ હોયતો લાવુંરે એને લઇ
મરજી મુજબ હુકમ કરશોરે કંઈ, રાજબાગ.
ભાઇ માધવ [ ] લાવજે એનેરે અહીં, નોકરીની મરજી પુછજેરે
તહીં, ભાઇ માધવ.

[૨૮]

"મોર ચોર કૈસી બના બનયો મોર કો ચોર"
"મયુરી મોરસે અબ ગંલો, છાયો ગગનઘેર."

તેમાં કરે આશેઃ મોર બકાર કલ્લોલ કરીને મુને ફુભવે એ ચોર. તેમાં;
મયુરી લલચાવી વીલાસી હુલ્લાની પ્રીતી જાળ નાંખેછે અરેઓાય તેમાં;
ગાઢી—ઘેલી—વેલી વાડ વાના શુ ચડતોરે હોપ, તેમાં.

[૨૯]

પ્રેમી પીડાના પ્રેમી પોકારોની પડે પ્રેમીને પીછાન;
પારેખ પ્રેમનો પાકો પૂરો જે પરખી પાયે પ્રેમ પાન.
જોગી પ્રેમી ભોગી શોધી રોગીના વૈદ બન્યા પ્રીયેપ્રાણ,
દાસી ઉદાસી પ્યાસી પ્રેમ વારીની તેને સંતોષી સુજાણ,
વીર ખરે વીર દીપાવવા તમે પહોચ્યા છો ધન્ય આ ધામ,
આભારી સુખીઆરી કરી મુને દીધું દુખ દરીઆમાં આનાવ,
અજ્ઞાન અબળાને ચસકો લગાડી હવે નત્ર કરશો હેરાન,
ધન્ય બંધુ માધવનો છે ભાર, દુખ વેઠ્યું અતી મમકાજ, સપડાયથી
મીનની જાળ, બની ઉંદર કાપી તત્કાળ; પ્રેમીપીડાના.

[૩૦]

પ્રીતી વચન માગું આપ પાસ સુકુમાર; મારા રંગીલા છબીલા છેલા લાલ
મારા મન વસેલા મોહનલાલ, નહીં નહીં જવાની કરોરે વાત થાય પ્રાત,
મારો કાચો રંગ પાકો કરનાર, મારા કામસૈન્યનાછો જીતનાર, પ્રીતી.
ધન્ય ટેક છે રાજપુત્રિ તમારી આપું વચન સહપ્યાર.
પણ યોવન મેવો મુખવાસ કરવા તલપેછે જીવ આવાર; મારા૦
સમજુ શાણા કુંવર થઇ તમે શરમાવો નહીં આમ આપ;
ધર્મ રૂઢી હસ્ત મેળાપ વીણ કહો વાત કબુલ કેમ થાય. મારા૦
તન ખરેખર સોપ્યુ તમોને નથી સંદેહ એમાં નાથ;
ત્યારે વળી ઢોંગ શાનો કરોછો, ચંપો કે ગુલાબ કહેવાય, મારા૦
ગુલાબ ચંપો ન બને કદીએ શું માઠુ લાગેસાં વેણુ થાય;
માફ માગું છું જીવન તેથી, ધન્ય કુંવરો રૂપવાન, મારા૦

[૩૧]

છબીલી રંગીલી હવેછે રે રામ રામ;
મળીશું રમીશું પ્રીયે લાચારીથી રામ રામ; છબીલી.
વહાલા હૈયા તણા હાર મોતીસગા મારા પ્રીતમ છે રામ રામ,
ઓછું છું દુખી છું પામી છું ધર્મ રૂઢી વેરણુ થઈ રામ રામ;

હવે મમપ્રાણુ કરૂછું પ્રણામ, રસની રસબેલી ક્યારે મળશે પ્રીતીપાન,
કાસે મેહુંસે બોલાવીશ હે રામ રામ નહી તો ઝુરશે વિયોગે સીતા,
રામ રામ રામ રામ છબીલી.

(૩૨)

વૈદ ખરોરે આતે આવ્યો સખીઓ ક્યાંથી, અકળીત ગતી પ્રભુ શ્રી
તારી શાંન્તી શુભ આ વૈદે રેલાવી; વૈદ.—

દરદ ક્યાંથી એણે ઓળખ્યુરે બેન આ,

સૂકો બગીચો લીલો કર્યોરે બેન આ;

ધન ધન ઘડી આશી આવીરે આ વખતે, ધન્ય એ ઘડીયું સુખદાઈ; શાન્તી.

ઉદાસી ઉડી ગઇ સખીઓરે, કાંઈ નવલ જમાઇ,

પરણી લઇ જશે લાડલીરે, સરખી જોડ દીપાઇ;

વધાવો દઇએરે રાજમાતનેરે, હવે માણી જશે કર ઉભરાઈ; શાન્તી.

કાન્તા આ પરણ્યાં હરખથારે, મનની આશ પુરાઇ;

સુખ દેજો નરતર જમાઇરે, હેતે હૈયું ભરાઇ;

સાસરીયે નવ સંતાપશોરે જેથી જાયે નાજુક નવ ગભરાઇ; શાન્તી.

(૩૩)

સખી ગાઓ, નાચો છુમ છુમ (૨) સનનન કરતાં પગ ઠુમ ઠુમ; સખી.
કાન્તાબાની ટેક પ્રભુએ રાખીછે કેવી, હો સખી ગાંડાં ગણાઇ. (૨)
નીતિ સાચવી બહુ સુખદાઇ; નાચો.
સ્રીને માથે દુખ આવે કદી ગમે તેવું. હો સખી સદીને રહેવું (૨)
પણ અવર પુરૂષને નવ ગણવું. નાચો.
દુખડાં લઇએ સતી કાન્તા બાનારે આ વખતે, હો સખી રહેજો જોડું [૨]
સુખી અવીચળ જગ મધે; નાચો.

[૩૪]

અરે વાહ વાહ [૨] કેમ રોકાયે
જોડું કેમ ત્યારે ર જવાયે; અરે વાહ વાહ
વારૂ આ રસ્તે હુ જવાનો

નવ હોય એ રસ્તો તમારો, હવે છે રસ્તો તમ ન્યારો

* * * *

સમજ્યો સમજ્યો શું ચાલાકી આ; અરે વાહ વાહ

લારે છોડો; [૨] શરમ, નવ તજ્યે ભરમ;

પ્રાણ ન કહો વચન ધીમે અંગ; અરે વાહ વાહ.

* * * *

મોહનીયાં, રસાલીયાં, જોબનીયાં, રંગીલીયાં,

મદનીયાં, સખીરી તન કંપતું શાથીરે આમ ભાસે

[૩૫]

લટકો શું [૩] વાહ લટકાળી, છોડ છેડલો હવે સખી મારી; લટકો શું.

બહુ ટાપળી ચેષ્ટાળી આડી કરનારી, ધુતારી સખી તને વાહ વાહ.

જા જા, જા જા રંગમાં શું ભંગ કરે સખી દૂર થા.

ચટકો શું (૩) શોભે આમ બાળી, એમ કરી તુજ કરે શું તૈયારી

* * * * *

અરે વાહ વાહ સખી, કેમ શું છે આવી ભૂખી;

વાહ ધરેલી. શું છટકા જબરા એમ દેતી; લટકો શું........

(૩૬)

વ્હાલાજી ! છેલાજી ! ઘેલાજી ! ભાવેજી ! ભાનુંજી ! પાવન કરી આ દાસી

* * * * * * * *

છોડોજી ઠગારા, પ્રેમના છો ધુતારા, નેણો બાણવાળા, કરો નવ ચાળા,

ઘેલી કરનારા શાણા; વ્હાલાજી.

શીદ તલસાવોછો, શીદ લલચાવો છો, શીદ ટવળાવો છો,

શીદ નચાવો છો, મદન નાપે વળી બાળોજી; વાલાજી........

[૩૭]

સ્વપ્નું શું આ અકારૂં અરે સ્વપ્નું શું આ અકારૂં, શું દીઠું મેં નઠારૂં; અરે સ્વપ્નું.

મરણ પથારીએ બાપુ ને જોઉં, અરે જરૂર જાવું, સ્વપ્નું શું.

સંભારી મુજને ઝૂરે એ અરે દૈવ શું આ, શુ દાવો તમ ફેરો કહાવ્યો.
નહી નહી પિતુ પાળનાર, આધાર, ઠોરનાર, સહાય થજો સર્વ દેવ
વિનવું, પ્રણમુ; સ્વપ્નુ શું.
ભાખુ છે ધીક્કારજ મુજને, અવતાર વળી ધીક્કાર, કે દાવો તમ.

[૩૮]

સખી સીખાવે છે સાસરે, રંગે ઉમંગે ઉછરંગે સ્વામી સંગેરે,
પ્યારી બેનનું [ ] સખી શીખાવે છે.
નવ અકળાઇશ ગભરાઇશ સખી, સ્વામી સેવા કરજે પ્રીતે મન નેમ તું;
માફ કરજો રે બોલ્યું ચાલ્યું સખીઓ, આમ અવળુ નવ બોલો;
પત્ર દ્વારા પ્રીતી રાખજો, અરસપરસ સમજજો; સખી સીખાવેછે....
સાસુ સસરાથી બ્હેન, હળીમળી ચાલજે જેમ, દુધમાં સાકર ભળે
તેમ, હરનીશ દીવસને રેન, રહેજે પ્યારી બેન તુ (૨) સખી સીખાવેછે...
સત નિતિ શીયળના, સાચવીએ અતી દીવલા રે
શોભા લાગે બોહ્ન ઓપ તણી અતી શોભતીરે
દીવશ દીવશે વધારો લાગેથી પીતાના હાથેવરે;
સમજજે પ્યારી બેન તું. સખી૦

[૩૯]

જઉં છું તજું છું પ્યારી મુકી ભાન સાન જ્ઞાન [૨]
ગુમાનડું, નાદાનડું, બેભાનડું બનીહું વ્હાલી તજું છું મુજ હાથે જીવ
જાન; જઉં છું.
હામ નામ ઠામ આમ કરૂં શું આ ઠામ,
બરદરીને નાર શું રે રઝળતુ મુકી જાઉં હાય હું શું આમ,
હવે પ્રણામ, પ્યારી દીલ જાન, બની નાદાન, તજું અજ્ઞાન,
માફ માગી જાઉં હાજર થઇશ પાછો તુજ સેવામાં હું માન; [૩] જઉંછું.

(૪૦)

સખી અજબ આ શું મુજ ભાસે, પ્રીતમ અલગ દેખું આ વખતે
મન મારૂં આ મુઝાઇ જાય; સખી૦

સખી સીખાઇઓ શું અક્કલ ગુમ થઇ, નવ ખબર રાખી તમે કોઇએ
જોઓ નફ્ટ નિર્લજ શું મુખ બતાવો, ઘાયલ થઈ સખી પ્રેમ ઘાએ;
સખી.........

ક્યાં જાઉંને શું કરૂં હવે હું, અંધ બનાવી ઠગારે, પણ નવ પ્રિતમ
મુજ કેડલો છોડું, ખરી પરખું જ્યારે પ્રેમ જાણે; સખી.........
શ્રી હરી વીનતી સુણી અબળાની, ધાજો મમ પીયુની વ્હારે,
ખરી શીયળતા મારી જો હોએ મમ પીયુને દુખ કદી ના આવે
ના આવે; સખી.........

(૪૧)

બ્હેન આમ કરો શું કલ્પાંત બા, જીવ બાળો સકોમળ આપ આ;
વીધીના લેખ, લખ્યા આ જેહ, ટળે ન એહ, હજારો વાતે બેન બા [૩] જીવ.
પતી દુખ, કરૂ પુર, હુબાવે જરૂર, ખરી સતીને બેન બા [૩] જીવ...
જંત્ર નાત, જેહ બચાવ, તેહ ગુમાય, ખરેહુબાયુ બેનબા[૩]જીવ...
ધીરજ ધારી, હીમ્મત ધારી, નીતી ધારી, પાર તરશો બેનબા.[૩]જીવ...
તમ કેરા, વેરી ઘણેરા, દુખે નમેરા, સમજુ સમજો બેન બા, [૩] જીવ...
સાવધ થાઓ, વિજયી થાઓ, યુક્તિ બનાવો, હીમત ધારી બેન બા[૩]જીવ

[૪૨]

શું આ ભૂગોળ પર, કાંન્તિ છે આ અવસર
દેખી મનહર પ્રેમ જવાળ અગ્નિ ફેલાયો મુજ દીલપર; શું.....
ડોલાવું, ભૂઝાવું, વારી, વીલાસથી, પ્રેમ જોડી ખરેખર,
બસ થા—વ—મ—મે—તે—મ, જાવું તંબુ અંદર,
બસ કરૂ એને હું સર; શું........

[૪૩]

અરે જા રે જા જા રે જા જા રે જા ઉડભુત
વ્યભીચારી દુર ચારી અવીચારી ઉડભુત
લાખો વાતે કહુંછું હું દુર દુર દુર; થા દુર, થા દુર, થા દુર ગુમાવ્યું
નૂર; અરે૦

નાદાન રે હેવાન શું મુજને તું સમજાવા આવ્યો
ભાગ્યોદય મારાં હું જાણું જે શું અહીં આવ્યો
પતંગીયું અગ્નિમાં જલપાય તું શું એમ આવ્યો,
અગ્નિની મીઠાશ જોઇ તું શું એમ આવ્યો,
ગુમાર, નાદાર, વીચાર, શું સાર, આ વાર સ્હાયકાર કીરતાર આ
ગુમાર કર પાર; અરે—
ઇંદ્રવાણું મૂર્ખ મીઠાં કરવા તું શું અહીં આવ્યો
કુદરતની વીરૂદ્ધ ગદ્ધા થવા તું શું અહીં આવ્યો
સતિ શીયળ ભંગી લૂંટ કરવા તું શું અહીં આવ્યો
ગોલા બોલા જાર કરમે ચાહું લઇ શું અહીં આવ્યો
પીધું મારું લગાડો છો એવી આ વાર; ઉતારો પાર, જીવનહાર,
કરો વ્હાલ, જુઓ દેદાર, બેડો પાર; અરે જારે જા—

[૪૪]

હું વારી જાઉં, આહા—નેનાં લગાઉં, વાહ ! વાહ ! હો લાલગ કે
લાલ, લાલચોળ કરૂં રંગલાલથી; હું વારી જાઉં.
નેહ લગાડી રંગ પાધારે કરૂં જાન, નખરે નચાવું મારા રાજ[૨]હું...
સોંપીશ તન મારૂં સર્વે તમોને, કામાગ્નિ હોલવોરે રાજ (૨)હું......
આ યૌવન આમ્ર વૃક્ષ વેડશે વ્હાલો, જે હૈયાના રખવાળ હાર[૨]હું.

[૪૫]

હારે મત વાલા મોહન જીવ જાન હાંરે પ્રીતી રીતી બતાવું સુજાણ
પ્રેમ સ્વાદ ચખાડું આ ઠામ [૨] શુદ્ધી તમ વીસરાવું હું તમામ.
નારીને વળી કામણગારી, મારે જો નયનનાં બાણ
કાળજું વીંધી કરે પુરૂષને, ઘાયલ તજી નીજ ભાન [૨] શુધી—
રસીયા જાગે રીસ કરી તો ધીક્કાર છે એ નાર
પ્રેમ કટાક્ષે ચિત્ત ફરવી, કરીએ એને ગુલતાન [૨] શુધી—
પ્રેમ કટારી કેરા ઘાથી, કરીયે રાજા ઠામ
ભાગ ફરો નવ આવે આથી, પહોંચાડીયે નીજ ધામ [૨] શુધી—

[૪૬]

અરે દૈવ આ શો વીચીત્ર બનાવ, પ્યારી પત્નીને ગાજે દીધો ઉડાવ; અરે–
અભાગીયો કેવો હું બનીયો લાચાર, પ્રીયા કાન્તા અરે શું બતાવું દેદાર; અરે.
અરે એની શોધે જાતું એજ વાત, આગો કહી છોડી પ્યારી અનેપડાવ; અરે.
કળીરૂપી પક્ષી પ્રીયે તજાવનાર, દુષ્ટ હું નળ સંગે જોડાયાં શાં ભાગ્ય; અરે.
આખર પોહોચાડીએ કળીનેજ ધામ, થઇશ પ્રીયા હાજર અરે તારીપાસ; અરે.
પ્યારી પ્રુજ તણો હું બન્યો ગુન્હેગાર, કરજે માફ કરું છું અહીંથી પ્રણામ; અરે.

[૪૭]

ચહેરા ચાંદસાયે તેરા હુએ, છુપા બાદલસેં દીખતા હુએ
કહું બાદલયેં કૈસા હુએ, ગહન કૈસા લગાયા હુએ
મગર ફરજન તું મેરે સે, ગભરાના નહીં સમજ દીલસે
મેરી જીંદગી જહાંતક હુએ, તેરેકો ડર નહીં કુચ્છ હુએ
નેક ટેકકો પરવર દીગાર, દીલસેં દેખતે હુએ
ભલા હોવેગા વો સાંપકા, સમજ પા તું દીલમે
મગરૂરીકા અંજામ જો હુએ મેરા મેરા જો કરતા હુએ
ગહન ઉસકું બી લગતા હુએ નેકીસે દૂર રહેતા હુએ; ચહેરા......

[૪૮]

મીયાં સાહેબ, જાણો આ દેહ, ખરે છે જેહ, એક હાજી પૂતની [૨]
ખરૂં છે જેહ સાચું એહ કીધું મેં દીલ ખોલી; મીયાં..........
નેક ટેક તણી રીતી એમાં હોય ખરી, જળમાં મીન વાસ કરે, નવાઈ
એ શું રે કહેવી [૨] ખરૂં છે......
દુરાચારી મન જેમ દુરાચારે રહે વળગી, સદાચારી કેમ તજે, સદા-
ચાર કદી રે વળી [૨] ખરૂં છે......
સેવક ધર્મ ખરો સમજું મુજ દીલ મહીં, નોકરની ફરજ સદા એછે,
સમ જો સર્વ હે ભાઇ [૨] ખરૂં છે ......

[૪૯]

સખી બાપુએ કીધું, શું આ, પરવા, અહના, મમહરત બીજાને શું દેના;

નહી નહી કદી કોઇ અવર, મીઢળ પવીત્ર, આ હસ્ત તણું શું આવશે
રે છોડવવા;
મરૂં હું પડું હું દેહ હું ક્ષય હું કરૂં હું વરૂં હું ખરા છે જે મનમાં વ
સેલા, સખી......
ટેક આ મમ આ દેહ આ જાય આ તોય આ પ્રતીજ્ઞા, વીના કનક ન
સોંપુ મમ તન આ.......

[૫૦]

છબી વસી, કનકકેરી મન તન હો સખી, ચટકી લાગી પ્રેમ જોગણીને
પ્રેમજોગ કેરી હો સખી; છબી......
વીના કો અવરને હું નવ કદી નેહ જોડું; ખરી ટેક મન ધરૂં નવ કદી
હૃદય ડગું [૨] છબી......
ન જોઇએ રૂપ ગુણ ધન મુજને એથી કો અધીક, ભલે શ્રીમંત હોયે
કે ગરીબ હોયે કદી [૨] છબી......
શું હંસ મોતીકેરો ચારો તજી દેશે ન્યારો, ચાતક મેઘ વાટ શું રે
નવ જોશે કદી (૨) છબી......

[૫૧]

બ્હેન આવી વધામણી દેવા રે ટેક તમારી રહેવાને
સખી ગુલાબને નવ કદી ભુલશો રે ,,
મ્હોટાં મોટાઇથી થાશો રે ,,
કમળો ફુલોને ધાશો રે ,,
કરી રહાવ પ્રભુએ તમારી રે ,,
સખી મશ્કરી તું શું કરેછે રે બળતામાં ઘી હોમે છે
જાણ જાણ ઠગારી, હં હં હં હં હું શાણી,

* * * * *

કનકસીંહ આનંદે પધાર્યા રે ટેક તમારી રહેવાને
બાપુ લગ્ન તૈયારી કરે છે રે ,,
ધન્ય ધન્ય ઘડી એ ઘડીયું રે અક્ષત પાન શુભ કરવાને;

(૫૨)

સખી કહેજેરે ખરે છે એ મનમાં વસેલા; ખરેછે એ, પ્રીતમ એ, મનમાં ગમેલારે, સખી કહેજે રે ખરે છે એ———રમેલા, ગમેલા, વસેલા મન મોઝાર; સખી.

સખી પ્રભુએ વીનતી ધરી મોકલ્યા મમતા પ્રાણ,
ભાગ્યોદય ખુલ્યાં ગણું બની ખરી ગૂલતાન; ભાનનું સાન
ઠેકાણે આણ્યું તમે પ્રાણ; સખી..........
કોયલડી મેઘા વીના ટૌકા કરી દૂભાય
દાસી પોકારે તમતણી વારંવાર પડી પાય; સંસાર સાથી મણજો મુને પ્રીયે નાથ; સખી...........

[૫૩]

,કેવી ડાળીઓ ઝુલે; વાયુ ખુલ ખુલ ક્યાંથી આવ્યો આ સમે
કહેની કહેની બ્હેની વેણી શું વીખરી દીસે, સાધી આ ભાગ
ફાગ રંગ શું દીપે; કેવી;
વાયુ લહેરો શું રે, વાડ ચોર તણી નવ જાણુશેરે
રાગ બદલાયો છે રે, રૂતુ ફેર થાયછે ખરે
ત્યારે વર્ષારૂતુ આ છે કે ગગન ગર્જના કરે; કેવી......
કેવી પવનોની લ્હેરે બેઠી મ્હોરે
નવલ અવલ ભોગી દેહ વિગોગી કેમરે સહે; વાયુ......
પરખ્યું પગેરૂ સખી તુજ તણું બસ થયું રાખો હવે
આ વારૂ ત્યારે જાઓ જોગણને તરફેણ નવ ખપે
ચોર પકડાયોછેરે હવે ક્યાં છુટશેરે, રાગ જાણીઓરે હવે કેમ બદલાશેરે
શું એકલુંરે, સખી રહેવાય કેમરે;
ખાખરની ખીસોડી સાકર સ્વાદ શું છેરે, કહો કેવી રીતે એ જાણશેરે
સાકર રસ શું આમ ચાખીઓ તેં વાહ મનુકરરે; વાયુ......

(૫૪)

શું અચાનક આ જંત્ર દેખાય, સખીરી હવે ઘેલું મનમાં થવાય,

પ્રભુ સાચું કે સ્વપ્ના માંય પતિનું શુભ પ્રસ્થાનું લેખાય; શું......
બાંધી મૂકી કેમકળાયે જીવ આ ચડયો ચકડોળે, પ્રભુ મતી
હેજો આ વખતે હાય મન મુંઝાય લાય થાય સુઝે નવ કાંઈ; પતી.
પવન કુમાર જંત્ર શાન્તિ રૂપી આવ્યું આ, આકૂળ વ્યાકૂળ મન,
થાય હાય અક્કલ ગુમ થાય જાય ન જડે ઉપાય; પતીનું......
કપતાનને બોલાવું બીનાએથી વાકેફ થાઉં કોનો મેવો કયાંથી
લાવ્યો નામ ગામને ઠામ પૂછી ચોરને બોલાવું આ ધામ; પતી...
કપતાનને સખી લાવ હુકમ ધરૂં શીર તાજ, પકડી લાવું આપ
પાસ તપાસ કરાવો આ વાત્જો એ નવ કબુલ થાય તો ધમકી
આપો બહુ ગભરાય; શું......

(૫૫)

પ્રીયે આમ આ શું [૨] પ્રીયે રીસ ચડાવો શાથી દાસ પરે, પ્રીયે
રીતશું. પ્રીયે......,
સ્નેહ ધરીશું મુજને બોલાવો આંસુ ચક્ષુથી બંધ પડાવો,
હૈયે હેતથી ખરા સ્નેહથી મને દબાવો હસાવો લજવાવો શું, પ્રીયે..
શાંન્તી પામો પ્રીયા ભ્રાન્તી વામો, નવ અકળાઓ મુંઝાઓ [૨]
આમ ગભરાટથી વળી વળશેરે શું ખરે મૂર્ખ થવું; પ્રીયે......

[૫૬]

ચુપ ચુપ રહું કેમ પીયુ હું હવે શીદ ખીજો છો,
મારા મદ ન ખમાય પ્રીતમ હવે તલસાવો છો

* * * * *

સ્નેહ સાગરે ડુબેલી અબળાનારે પ્રાણ તમે સાચવજો.
માજીને કહું વાત જે સાસરે મોકલવા,
સાસુ સસરાને વળી મન થવું મળવા;
ત્યાં જવાને રજા માગું હવે જઈ કહું માજીને
પ્રભુ ઉમેદ પાર મમ કરજોરે આ વીનવું ખંતે
સુખ સીધુ અમૃત જળ પીવા મન મુજ લોભે છે;

અંક ૩ જો.

[૫૭]

વેળા ફરતી છાંય શી પ્રભુ ટાડી ઉની લાગે અકળગતી તાંરી શું ન કળાયે
મતી મંદ મનુષ્ય ખરે થઈ જાયે;
દીવસને રજની કાંઇને મન જુગ કોઇને ઘડી પળ લાગે, વખત જે
સર્વને સરખો એક છે, મન ફેર ચીતથી લાગે નજર ટુંકથીં એવું જે
ભાસે, શ્રી હરીને સાચો નહીં ઓળખાવે; મતીમંદ.........
કોણ હું હતો ને સ્થાતી મારી શું થઇ છે ટુંક નજરે જોતાં માઠી દ-
શા મમ થઈ છે ખરો દશા નવ જાણું શું થાશે, નામ પ્રભૂતા સાચે
વીના એ નવ કાંઇથીરેકળાયે પામર જીવશું રે બીચારો જાણે; મતીમંદ...
નીદ્રામાં ભાસે ભોગ ભારે. જાગે નવ કાંઇ લાગે, અજ્ઞાન ચક્ષુ પડદા
નજરે જોતાં એવું લાગે, મોહ માયાના પડદાથી, એ ચક્ષુ દર્ધે નવ
દેખે, ખરૂં તત્વ પડવાથી છેટે ભક્તી દ્રષ્ટીથી પેમે પણ તત્કાલીક સુ-
ખ નવ મેલે; મતીમંદ......

[૫૮]

પ્રાણ શું દશા શું થઇ હશે તમ વ્હાલા દેખી આ દીલમાં દાઝું
પાપી જંત્ર દુશ્મન થયું જીવન હારા મુર્ખ લાવી હું શા સારૂ;પ્રાણ.
અરે દૈવ શું પાપણી થઇશું પતીને દુખ દીધું અકારૂ
માફ કરજો પ્રીતમ પ્રાણ છું હું અજાણ કહું ખરૂં; પ્રાણ શું......
તમને દુખી જોઉ રાજપાટ ભોગવું સુખ શાન્તીમાં હુંય ઘુમું
પણ પ્રાણ વીના સુખ સર્વે આ મારૂં ઝેર જેવું હું ગણું; પ્રાણ...
લાચારી દીલધારી સોપારી સુડી વચ્ચે જેમ આવી
દશા એ કરી મારી ઉમેદસિંહે સપડાવી પ્રાણ......

[૫૯]

પ્રભુ અજબ બનાવ દેખાવ થકી, નવ કળીરે શકાય આ કેસ કંઇ;
પ્રભુ અકલ નકલ થઇ, ચક્ષુ દ્રષ્ટિ અંધ થઇ, સુજ ના પડેરે કંઇ,
મન ગોથાં ખાય નક્કી દેખીને નવાઇ; નવ કળીરે......

ગુન્હો ક્યો કેહેવો આતો, બન્યો કેદી પણ સુખ કેરો, શી જાતનો ભાતનો વાતનો ખાટનો દુખ કેરો સુખ કેરો વીધીએ લલાટે લખ્યો; એનો લેખ કેણુ જાણું મુજ મંદમતી; નવ.ીરે......

સ્વાલ કે શામન ગણું, જજનું આ પુછ્યા તણું, અને શું ધ્યાન શું-મેવે શું ગયુ શું હશે શું, કપતાને રાજનને હકીકતજો હોયે કીધી. તા દશા થશે અતો મારી દુખદાઈ; નવ......

[૬૦]

સખી આકુળ આકુળ મન થાવરે, ના દુભાવરે, પીડાવરે
નવ કારી આ ધાન દુખાવરે; સખી......
સખી ધણી થઈ હવે હદ વળી, પ્રીતમને ના તું ગભરાવરે,
અકળાવરે નવકારી...

ગુ હેગ ર ન ગણુ એને, સખી ગુન્હેગાર છીએ આપણે, રાખ્યો માલ ચોરીથી એ જાણુરે; નવકારી......

સખી બંને દે પીત થઈ પડશું નર્ક મહી
પતીનું મન દુખાવીને; પછી કરવી લાચારી, ગણાશે એ મુર્ખાઈ.
પ્રેમ કસોટી કાડવી એ ઠી છેરે; નવકારી......

પ્રીતમ ગુન્હાની માફ, માગુછું હું આ પ પાસ, વર્તુછું અટીનજ કાજ, ગુન્હેગ.ર ગણીને આપ, નવ બનો ગુન્હેગાર આ થકીરે; નવકારી......

[૬૧]

ભુલ્યો અરે, ભ્રમે ફરીરે અરે શું આમ ખીલતી કળી કરમાવી તેં; ભુલ્યો ભટક્યો ઠામો ઠામ તજી નીજ કેરં ભાન સાન ગુમાવી આમ પકડી પાડયો આ ધામેરે; ભુલ્યો અરે૦.

ખરી પ્રીતી ક્યાં તજી ભટકયો આટલા દીવશ, બાજી સાચી રમાવી ગમાવી ખામી નવ જાણી મેં એની, સ્નેહ દુખ માર્યો મને રે; ભુલ્યો...

દુષ્ટ કામ સૈન્ય ભરે આવે, હવે ડર શાનો લાગે, શુરવીર હંકી કાડ એનેરે; ભુ૦

[૬૨]

આજંન ભયાનક ક્યાંથી આવ્યું એ અહીંયાં શાની

દુખી ભયભીત એને બનુ છું આ વખતે હું એથી, આ;......
દેશે શું ગુહ્ય ભેદ હશે એ, ગેબી ગોળો કેવો એ,
કોરટ પ્રશ્નો પૂછાયે, કાંઈ તર્ક વિતર્કજ થાયે જાયે મમ શુધ બુધ સર્વે;આ,..
માલીક અરે અહીં, હાજર હશે અહીં, શું કાન્તા મારી દુખીઆરી,
શું મુખ બતાવીશ તુજને જીવન ગુન્હેગાર ખરો હમેથી,
આપીશ શું મારી તું તેની; આ જંત્ર........................

[૬૩]

કુંવરજી કુંવરજી વાહ કોડીલાજી છે લાજી વાહરે; [૨] કેમ અરે ધન્ય ખરે[૨]કું૦
કેમ અરે શું અજાણ્યા થઈ હજી પૂછો છો તમે આવું અરે;ધન્ય ખરે[૨]કું૦
શું આમ ઠગાઈ વાહ નવાઈ શું રીસ ચડાવી તે નવ સમજાઇ, દુખ દરીઆમાં
મુજ બેન ડુબાઇ નવ જાણી, એ ખામી; વાત ખરે ધન્ય ખરે. [૨] કુંવરજી૦
નાહક એક કુંવરીને છેતરી મીથ્યા પ્રેમે પકડી જકડી, શા માટે વણ વાંકે
અબળાને આમ કેદમાં નાંખી વાહ વાહરે; આ શું બોલે, ધન્ય ખરે,(૨)કુંવરજી

(૬૪)

વાહ વાહ રે! કામણગારારે, વાહ વાહ રે! છણુ કાળારે; વાહ વાહરે
ધુતારા, હરનારા, પતી મારા, છો શાણા, ઠગારા, વાહ વાહરે......
શાબાશ છે હજારો વાતેરે ખરે (૨) મૂકી વને એકલી અબળાને.
કુંવરજી ધન્ય છે, તમ પ્રીતી જોઇ; કામણગારારે, વાહ વાહરે......
જીવ જાય છે તજી જેમ દેહને, મુક એકલડી નિર્દય થઇરે
દશા જુઓ એ દેહતણી, જાય એ બળી જળી કામણગારારે ......
કાળજું હવે નવ કાપ તું, બહુ થઈ પ્રીયે રાખ
માફ માગુ છું તુજ કને.....................
ન કહો, ન લહો, ન વદો, ન ભેદો, અઘટતાં વેણ આ તમતણારે;(૨)
નહીં નહીં ગુન્હેગાર છું ખરે, રાખું ટેક જોઇને
વારી વારી જાઉં; કામણગારારે.................

(૬૫)

બાપુ ખરૂં કહું છું કરશો જે માફ હવે બાપુ ....

માગું છું બધાંની વતી હું માફ, ઠગાઇનો ગુન્હો કરશો, માફ (૩)બાપુ...
જમાઇ તમારા જે હતા, તે હતાં કાન્તા બા જમાઇ,
જમાઈ કનકસીંહ ઉભા તેમની પાસ,
ખાસ બાપુ વાત ખરી માનો નિરધાર; બાપુ ખરૂં...............
કૃપા પ્રભુની અમ પર આ વાર, દુખનો પાર છેલ્લીવાર અપરંપાર શીયળ
વાર, તણોરે અન્યાય, જોઇ (૩) શ્રી ગીરધારી પોચ્યા અમ વ્હાર; બાપુ...
ફીર ગુણથી કેદ ખેર ભોગવે જાત ભાત વળ તજે; મનુષ્યને ધીક
છે તો; (૩) પશુ પક્ષીથી પણ હલકા ગણાય; બાપુ..............

(૬૬)

મમ દાસી કહે છે તે વાત ખરી છે, આ કનકની છું તમ દાસ (૩)
ક્ષમા માગું છું કે કરજો ઠગાઈ માફ;
પણ સખી બ્હેન મમ માનને રાખીશ, ગણી પટરાણી ખાસ (૩)
ફ કર નવ કરશો કાંઇ એનીરે આપ,

\+ + × +

હશે એ દુખી તો હુંજ દુખી ગણી સમજજો વાત ખરેજ ખચીત,
એનો આભાર કદી ન ભૂલી મમ ટેક રાખી એને શીર દઇશ;

\+ × + × ×

પતી વીયોગે અહીં આવી ચડતાં વેશ ધર્યો મમ પતી કેરો,
તેમાં પણ બકરી કાડતાં ઉંટ પેઠું વાંક એ નશીબ તણો,
પણ માન પતિ મમપતિને મળતાં વીસરીશ દુખ સર્વે ખાઉં,
સર્વ બ્હેનોને શીખ દઉં છું કે વ્રત ધર્મ પાળવું છે સારૂ,

[૬૭]

છે સખી વ્હાલો કનકપ્રાણ, એને માળી મમ વાડીનો જાણ;—છેસખી-
જોબન વૃક્ષો શું વીણએ, પાણી મહશે શું ધીકરે, નહી નહી કદી
વાતએ થાવીરે સખી.
પુત્ર સુવર્ણનો કનક જે હોય, ભલે કાણો કુબડો મુંગો બ્હેરો હોય,
કદી કદરૂપો મુર્ખ સખી હોય, પતિ પ્રથમ તન સોંપેલો હોય,

હવે રાખો તમ રોફ બ્હેન જોયો ઓય ઓય,
પાનીથી પસ્તાવો થાશે ભુંડી માન; છે...

[૬૮]

પીયુ દુખ વેઠયું અતીમેં, વીનતી સુણજો પતી આપ ખરે; પ્રાણ.
આપ કેરો પોષાક ધરીને નામ કનકસિંહ રાખ્યું વળીમેં, પ્હોચીઆ ધામે, વીનતી...
ઉમેદસિંહે આભારી કરી વચન બંધે બાંધી લીધી, કુંવરીજે ભાન તે તણી તે પરણાવી મુજને; વીનતી.
ભાન તણુ સાન ઘણું શાણી ગણું બ્હેનગણું, તમ હસ્ત દેવા મેં વચન દીધુ પીયુ કબુલ કરશો એને. વીનતી.
આવી તે રીતિરે તમે શું શીક્ષાએ, મન દેવા શું ઘાટ કર્યો,
પ્રીયે આમ અઘટતુ નવ બોલો;
તમ ઉપર શું શોખજ આવો નહીં નહીં કો કામે થાઓ. પ્રીયા
ગુન્હાની માફ માગુ છું હજારો; નવ મુજ આ દીલ દુભાઓ. પ્રીયે.
શું મમ પ્રીતી મીથ્યા બતાવો તમ પ્રીતીની ગાંઠ તોડાવો, પ્રીયા ગુન્હાની માફ માગુ છું હજારો નવ મુજ આ દીલ દુભાવો. પ્રીયે.

[૬૯]

સોંપુ હું પ્રીય મુજ બ્હેન તણો આ હસ્ત પતિ સ્વિકારો તમે;
પ્રીયે હું સ્વીકારૂ તુજ દીલ ખાતર ધન્ય છે ખરે અરે તુજ નીતિને
અમે બ્હેનો ભેગી રહી પતિ કરશું તમ સેવા, કુસંપને દુર રાખીને
પતી [૨) દીપાવશું કુળ એવાં કે જગમાં દાખલો લેવા જેવાં;
સોખનું સાલ નવ ગણે કોઇ એવાં; સોંપુ હું..................
આશીર્વાદ વચન છે પુત્રીઓ વિઘ્ન રહે બહુ દૂર તમથી
સંપતિ સુખ અતી પામશો તમે ૨ થશે મહા પ્રતાપી પુત્ર બંનેને
કૂળ દીપક તમ અંગ રહેશો જો પતી સેવા એ સંગ; સોંપુ હું...

(૭૦)

બ્હેન આભારી કરી ભારી, માફ કરજો ઠગાઇ તમે મારી;
આવાં વચનો ન કહો દુખદાઈ, ધન્ય બાંધીમૂઠી રાખી સુખદાઇ; બ્હેન...

નીત રીતી પ્રીતી, સમજી શું બતાવો સગાઈ
જાણો નવ પીયુ અમમાં જુદાઈ; બ્હેન........
પીયુ થઈશ સુખીઆરી સેવા બજાવી, આધીન થઈશ તન સોંપી;
પીયુ ગમન ચમનથી હળીમળી સંગે, મેળવશું તમ પ્રીતી; બ્હેન...
પ્રભુ પાયે પડીએ કરજોડી, જય જય ઇચ્છિત પતિ પામી; બ્હેન...

(૭૧)

વ્હાલા કનકથી, પૂત્ર કનકથી; બેટી શાંન્ત કરૂ મમ વિરહાગ્નિ.
ગતિ અતી પ્રભુ તારી છે ન્યારી, સંકટ દ્વાર બંધ કરાવી.(૨)બેટી...
પ્રભુ ભાવથી, જેની સ્હાયથી, ઇમારત પડતી રહી છે ભક્તિ ટેકાથી;
નીતો ભક્તિના પ્રભુછે બેલી, નવ અવર લહો કો વાત ખરી;(૨)ઇમારત....
મરતાં પડતાં ઝુરતાં ખરતાં નિશ્ચય મારા નાથે આ બાંહ્ય ગ્રહી(૨). બેટી...
ધન્ય વળ્યા ભાગ્યકનકપૂરીનાં, રંડાપા તણી બ્હીક ગઈ હરી (૨);ઇમારત....

(૭૨)

માલનીયાં રે, વેણીરે ફુલાંની ગુંથી જા; હેજી હેજી (૨)
યોવન પવન કેરા છેલાને દઉં ઝોલા, તલપ તલપ જીય જાય આ
રહેવાય ના, સેહેવાય ના, કેહેવાય ના, વાલમનાં, વારણાં લઇ
દ્વાર ખોલું પ્રીતીનાં, માલનીયારે...............
કમર લચક છે આ, બદન ધીખે છે આ, મદન વેરી મારે શું
માર આ. નેનનના ચાળાથી મદનના મારાથી,
જોબનના જાળાથી, વાલમને પકડું લટકે ચટકથી; માલનીયારે......

(૭૩)

કનકકાન્તા જોડું કાયમ રહો, જય ભાનનો થયો, સાલ સોળનાં ન
ગણી બને બચ્ચે પતી એકજ ચહયો.
ધન્ય કનક વચને રહયો ભવમાં ભવ એણે કર્યો,
કાન્તા ભાનનો વાવટો વીજયિ એ ચડયો કે; બને.
ધન્ય લાજ પ્રભુએ રાખી, બ્હારે પોચ્યા શ્રી સ્વામી.
કુંજ બીહારી મોરલીધરનો બોલા જય જય જય કનકસીંહ નૃપનોવળી.

સમાપ્ત.